# ક્રાંતીવીર સ્વ. શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક

વર્ષ ૨૦૦૩ માં માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા ક્રાંતીવીર સ્વ. શ્યામજી કૃષ્ણ વર્મા અને તેઓની પત્ની ભાનુમતીબેનના અસ્થિકુંભ જીનિવાથી (સ્વીત્ઝર્લેન્ડ) ગુજરાતમાં લાવી લોકોના દર્શન માટે જીલ્લે જીલ્લે વીરાંજલી યાત્રા કાઢી આ અસ્થિકુંભને છેલ્લે તેઓના માદરે વતન માંડવી (કચ્છ) ખાતે લઇ જવામાં આવેલ હતા.

સ્વ. શ્યામજી કૃષ્ણ વર્માની યાદગીરીમાં મેમોરીયલ બાંધવા માટે તેમજ તેઓના આદર્શો અને મુલ્યોમાંથી યુવા પેઢી અને ભાવિ પેઢીને પ્રેરણા મળી રહે તે માટેના ઉદ્દેશો પાર પાડવા માટે સ્વ. શ્યામજી કૃષ્ણ વર્મા સોસાયટીની નોંધણી કચ્છ(ભૂજ) ખાતે તા. ૮ માર્ચ, ૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ છે.

મેમોરીયલ બાંધકામ માટે કચ્છ જીલ્લાના માંડવી ખાતે ૧૫૨.૨૯ એકર જમીન ફાળવવામાં આવેલ છે. મેમોરીયલ બાંધકામ માટે રાજય સરકાર તરફથી રુા. ૫ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. મેમોરીયલ બાંધકામની કામગીરી સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૦ માં પૂર્ણ કરવાનુ તેમજ તે મેમોરીયલ રાષ્ટ્રને અર્પણ કરવાનુ આયોજન છે.